# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) દેશભરમાં આજે રાષ્ટ્રગીત “વંદે માતરમ્”ના 150 વર્ષની ભવ્ય ઉજવણી - પ્રધાનમંત્રી નવી દિલ્હીમાં એક વર્ષ લાંબા સ્મારક કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

2) બિહાર વિધાનસભાના પ્રથમ તબક્કાનું મતદાન 64.66 ટકા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ.

3) નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશમાં વિશ્વ કક્ષાની બેંકો વિકસાવવા માટે હાકલ કરી.

4) ભારત અને લક્ઝમબર્ગે વિજ્ઞાન, ટેકનોલોજી અને અવકાશ સંશોધનમાં સહયોગ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતા વ્યકત કરી.

5) ભારતીય હોકીના 100 ગૌરવશાળી વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે રાષ્ટ્રવ્યાપી ઉજવણી.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-VANDE-MATARAM

(MUSIC: VANDE-MATARAM)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ"ની 150મી વર્ષગાંઠ નિમિત્તે એક વર્ષ લાંબા સ્મારક કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે એક સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, આ દિવસ દરેક ભારતીય માટે એક મહત્વપૂર્ણ પ્રસંગ છે. તેમણે વંદે માતરમને એક પ્રેરણાદાયક આહવાન તરીકે વર્ણવ્યું જેણે પેઢીઓને પ્રેરણા આપી છે અને દેશભરમાં દેશભક્તિની સ્થાયી ભાવના જાગૃત કરી છે.

આ કાર્યક્રમમાં જાહેર સ્થળોએ "વંદે માતરમ"ના સંપૂર્ણ સંસ્કરણનું સમૂહ ગાન થશે, જેમાં સમાજના તમામ વર્ગો ઉત્સાહપૂર્વક ભાગ લેશે. વંદે માતરમ સાત નવેમ્બર, 1875ના રોજ બંકિમ ચંદ્ર ચેટર્જી દ્વારા રચવામાં આવ્યું હતું. સૌપ્રથમ સાહિત્યિક મેગેઝિન બંગદર્શનમાં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે પ્રકાશિત થયું હતું. માતૃભૂમિને શક્તિ, સમૃદ્ધિ અને દિવ્યતાના પ્રતીક તરીકે ગણાવતું આ ગીત ભારતની એકતા અને રાષ્ટ્રીય ગૌરવનું સ્થાયી પ્રતીક છે.

(BYTE: PM-VANDE-MATRAM)

# BIHAR-POLLING

બિહાર વિધાનસભાના પ્રથમ તબક્કાનું મતદાન 64.66 ટકા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. એક હજાર 314 ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ થઈ ગયું છે..

સાંભળીએ એક અહેવાલ...

(V/C- DHARMENDRA-KR-RA)

વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે મતદાન 11 નવેમ્બરે યોજાશે. બંને તબક્કાની મતગણતરી 14 નવેમ્બરે થશે.

# SITHARAMAN-FUTURES-TRADING

નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશમાં વિશ્વ કક્ષાની બેંકો વિકસાવવા માટે હાકલ કરી છે. તેમણે બેંકોને વૃદ્ધિને વેગ આપવા માટે ઉત્પાદક ક્ષેત્રોને વધુ ધિરાણ આપવા વિનંતી કરી હતી.

મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, સરકારે 2014થી વ્યવસાય કરવાની સરળતા સુધારવા માટે અનેક ક્રાંતિકારી પગલાં લીધાં છે. તેમણે કહ્યું કે નીતિગત સ્થિરતા અને પારદર્શિતાએ રોકાણને પ્રોત્સાહન આપ્યું છે.

નાણામંત્રી મુંબઈમાં 12મા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકિંગ અને અર્થશાસ્ત્ર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા. શ્રીમતી સીતારમણે ભાર મૂક્યો હતો કે ભારતને ઘણી મોટી, વિશ્વ કક્ષાની બેંકોની જરૂર છે અને આ દિશામાં કામ શરૂ થઈ ગયું છે.

# JITENDRA-LUXEMBOURG

ભારત અને લક્ઝમબર્ગે વિજ્ઞાન, ટેકનોલોજી અને અવકાશ સંશોધનમાં સહયોગ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. નવી દિલ્હીમાં મળેલી બેઠકમાં, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ અને લક્ઝમબર્ગના રાજદૂત ક્રિશ્ચિયન બિવરે યુરોપિયન બજારોમાં ભારતીય અવકાશ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવાની તકો પર ચર્ચા કરી.

મંત્રાલયે જણાવ્યું કે બેઠકમાં સાયબર સુરક્ષા, ક્વોન્ટમ ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવા નવીનતા-સંચાલિત ક્ષેત્રોમાં સંયુક્ત પહેલને આગળ ધપાવવા પર વિચારણા કરવામાં આવી હતી.

# NAIDU-SI-FF

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ કહ્યું કે, કેન્દ્ર સરકાર ભારતને ટકાઉ ઉડ્ડયન બળતણ-SAF ઉત્પાદનમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવા માટે એક મજબૂત નીતિ પર કામ કરી રહી છે.

શ્રી નાયડુએ નવી દિલ્હીમાં ઇન્ડિયા SAF શિખર સંમેલનને સંબોધતા આ વાત કહી હતી.

(BYTE: NAIDU-SI-FF)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# HOCKEY-100-YEARS

ભારતીય હોકીના 100 ગૌરવશાળી વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવશે. શતાબ્દી ઉજવણીના ભાગ રૂપે 550 જિલ્લાઓમાં એક હજાર 400થી વધુ મેચો યોજાશે. મુખ્ય કાર્યક્રમ સવારે 8:30 વાગ્યે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે શરૂ થશે, જેમાં ભારતીય હોકીની ભવ્ય યાત્રા દર્શાવતી ઘણી વિશેષ ઘટનાઓ હશે.

કેન્દ્રીય મંત્રી 11 અને હોકી ઇન્ડિયા મિશ્ર 11 વચ્ચે અડધા કલાકની પ્રદર્શની મેચ પણ રમાશે, જેમાં લિંગ સમાનતા, ટીમવર્ક અને સમાવેશકતા દર્શાવવામાં આવશે. પુરુષ અને મહિલા બંને રાષ્ટ્રીય ટીમોના ટોચના ખેલાડીઓ ભાગ લેશે. ત્યારબાદ હોકીના દિગ્ગજોનું સન્માન કરવામાં આવશે.

ભારતના હોકી વારસાને આકાર આપનારા ખેલાડીઓની પેઢીઓને શ્રદ્ધાંજલિ આપતા, "ભારતીય હોકીના 100 વર્ષ" નામનો સત્તાવાર સ્મારક ગ્રંથ

પણ બહાર પાડવામાં આવશે. સ્ટેડિયમમાં એક ફોટો પ્રદર્શન પણ યોજવામાં આવશે, જે મુલાકાતીઓને ભારતીય હોકીના 100 ગૌરવશાળી વર્ષોની દ્રશ્ય યાત્રા પર લઈ જશે.

ભારત વિશ્વનો સૌથી સફળ હોકી રાષ્ટ્ર છે, જેણે આઠ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રકો જીત્યા છે અને 13 વખત ઓલિમ્પિક પોડિયમ સુધી પહોંચ્યું છે.

# MORN.-MEA-THAILAND

બેંગકોકમાં ભારતીય દૂતાવાસ અને ચિયાંગ માઈમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ દ્વારા થાઈ સરહદી શહેર મે સોટથી 26 મહિલાઓ સહિત 270 ભારતીય નાગરિકોને બે ખાસ ભારતીય વાયુસેના વિમાન દ્વારા સ્વદેશ પરત લાવવામાં મદદ કરવામાં આવી હતી. આ કામગીરી થાઈ સરકારની વિવિધ એજન્સીઓ સાથે ગાઢ સંકલનમાં હાથ ધરવામાં આવી હતી. આ નાગરીકો સાયબર ફ્રોડ કેન્દ્રોમાં કામ કરતાં હતા.

બેંગકોકમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, આ ભારતીય નાગરિકો તાજેતરમાં મ્યાનમારના મ્યાવાડીથી થાઈલેન્ડ પહોંચ્યા હતા, જ્યાં તેઓ કથિત રીતે સાયબર ફ્રોડ કેન્દ્રોમાં કામ કરતા હતા. દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યા પછી ઇમિગ્રેશન કાયદાઓનું ઉલ્લંઘન કરવા બદલ થાઈ અધિકારીઓએ તેમની અટકાયત કરી હતી.

ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ વિદેશમાં નોકરીની ઓફર સ્વીકારતા પહેલા વિદેશી નોકરીદાતાઓ, ભરતી એજન્ટો અને કંપનીઓના ઓળખપત્રો તપાસે.

# SEBI-ONLINE-INVESTIMENTS

રોકાણકારોની સુરક્ષા વધારવાના પ્રયાસરૂપે, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)એ મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઈન્ટરનેટ સર્ચ એન્જિન પ્રદાતાઓને છેતરપિંડી પ્રવૃત્તિઓ માટે તેમના પ્લેટફોર્મનો દુરુપયોગ અટકાવવા માટે મજબૂત પદ્ધતિઓ લાગુ કરવા જણાવ્યું છે.

SEBIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને સિક્યોરિટીઝ માર્કેટમાં ફરજિયાત જાહેરાતકર્તા ચકાસણી પ્રયાસોને પ્રાથમિકતા આપવા અને ઝડપી બનાવવા હાકલ કરી છે જેથી ફક્ત SEBI-રજિસ્ટર્ડ એન્ટિટી જ રોકાણ ઉત્પાદનો અને સેવાઓની જાહેરાત કરી શકે.

SEBIએ રોકાણકારોને હંમેશા એન્ટિટીના રજિસ્ટ્રેશનની ચકાસણી કરવા અને ફક્ત અધિકૃત ટ્રેડિંગ એપ્લિકેશનો દ્વારા જ વ્યવહાર કરવા અને માન્ય UPI હેન્ડલ્સનો ઉપયોગ કરવા પણ કહ્યું છે.

# PM-VARANASI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વારાણસીની મુલાકાત લેશે અને ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે. નવી ટ્રેનો બનારસ-ખજુરાહો, લખનૌ-સહારનપુર, ફિરોઝપુર-દિલ્હી અને એર્નાકુલમ-બેંગલુરુ રૂટ પર દોડશે.

આ ટ્રેનોથી મુસાફરીનો સમય ઘટાડશે, પ્રાદેશિક ગતિશીલતા વધારશે, પર્યટનને પ્રોત્સાહન આપશે અને દેશભરમાં આર્થિક પ્રવૃત્તિને ટેકો આપશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- કેનેડાએ h -1 વિઝા ધારકો માટે ફાસ્ટ ટ્રેક રુટ ખોલ્યાને સંદેશે મુખ્ય હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચારે 150 વર્ષનું વંદે માતરમને મુખ્ય મથાળું બનાવ્યું છે.
- બિહારમાં પ્રથમ તબક્કાની ચુંટણીમાં વિક્રમી 65% મતદાન ને નવ ગુજરાત સમયે મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- દેશભરમાં વાતાવરણમાં ઠંડીનો ચમકારોના સમાચારને તમામ અખબારોએ મુખ્ય પેજ પર છાપ્યા છે.